ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૯-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે

હજી તો અમેરિકા ખાતે મનમોહનસિંહ અને નવાઝ શરીફની શુભેચ્છા મુલાકાતની શક્યતા દર્શાવતા અહેવાલોની શાહી સુકાઈ નથી ત્યાં વહેલી સવારે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલો થયો છે જે અત્યંત સુનિયોજિત સ્વરૂપે કરાયો હોય એવું લાગી રહ્યું છે. પાકિસ્તાનમાં 'બૉર્ડર પોલિસી' નક્કી કરવામાં આર્મીનો જ હાથ અધ્ધર રહે છે તેથી નવાઝ શરીફ ગમે તેવી શુદ્ધ દાનત રાખતા હોય તો પણ ભારત સાથે સુલેહ કરવાની એમની ઈચ્છા આઈએસઆઈ કે આર્મી બર આવવા દે એમ લાગતું નથી. વડાપ્રધાનો વચ્ચે સુલેહ શાંતિનો વાર્તાલાપ થાય તો પણ એનું કોઈ પરિણામ મળવાની સંભાવના નથી. જમ્મુ વિસ્તારના આ પંથક પર આવો હુમલો થઈ શકે તેની કોઈએ કલ્પના પણ કરી ન હતી. પચાસ જેટલા આતંકવાદીઓ તાજેતરમાં જ સરહદ પારથી ઘૂસી આવ્યા હોવાની ગુપ્તચર માહિતી હોવા છતાં આ હુમલો રોકી શકાયો નથી. આતંકવાદીઓ સૈનિક વેશમાં જ પહેલાં કઠુઆ પોલીસ સ્ટેશન પર હુમલો કરે છે અને તે પછી ત્યાંથી ભાગીને સામ્બાના મિલિટરી કૅમ્પ પર હુમલો કરે છે. આ હુમલામાં સેનાના લેફ્ટિનંટ કર્નલ સહિત ડઝન કરતાં વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે જેમાં નાગરિકોનો પણ સમાવેશ થાય છે. આવી ઘટનાઓ થતી રહે છે તે બેઉ પાડોશી દેશો વચ્ચેના સંબંધો તંગ રાખ્યા કરે છે. પ્રજાઓ વચ્ચે કયારેય વેર હોતું નથી. વેર રાજકારણીઓ વચ્ચે રહ્યા કરે છે. એમાં પણ પાકિસ્તાનમાં તો સત્તાનાં બે કેન્દ્રો વચ્ચે પણ સતત તનાવ રહ્યા કરે છે. આ જ નવાઝ શરીફ પાકિસ્તાનના વડાપ્રધાન પદે બિરાજતા હતા ત્યારે ૧૯૯૯માં ભારતના વડાપ્રધાન અટલબિહારી વાજપેયી સાથે વિવિધ પ્રશ્ને વાટાઘાટો ચાલી હતી. બેઉ નેતાઓની દાનત શુભ હતી પણ પાકિસ્તાન આર્મીના તત્કાલીન વડા જનરલ મુશર્રફે એ બર આવવા દીધી નહોતી. વાજપેયીને વિમાસણમાં મુકાઈ જવું પડે એવો ભયંકર હુમલો કરાયો હતો. કારગિલ યુદ્ધમાં ભારત ઘણી મોટી ખુવારી વહોર્યા પછી વિજયી નીવડ્યું હતું. મુશર્રફે નવાઝ શરીફ પાસેથી સત્તા આંચકી લીધા પછી વૈશ્વિક સ્તેર ડિપ્લોમેટિક સંબંધો સુધારવાના ભાગ રૂપે એ જ વાજપેયીના નિમંત્રણથી આગ્રા ખાતે શિખર મંત્રણાનું નાટક કર્યું હતું. ભારત પાકિસ્તાન વચ્ચે સરહદી અથડામણોની શરૂઆત હરહંમેશ પાકિસ્તાન તરફથી થતી રહી છે. પાકિસ્તાનનાં કટ્ટરવાદી તત્ત્વોને ત્યાંની આર્મી અને આઈએસઆઈ ભરપૂર મદદ કરતાં રહે છે કારણ કે એમને સરહદ સળગતી રહે એમાં જ રસ છે. ભારતીય લશ્કરે બાંગ્લાદેશના જન્મમાં ખૂબ અગત્યની ભૂમિકા ભજવી હોઈ પાક આર્મી પોતાના શિરે લાગેલી એ પરાજયની કાળી ટીલી ભૂંસવા માટે સતત ઝનૂન પૂર્વક ચલાવાતા 'પ્રોક્સી વૉર' દ્વારા ભારતની પજવણી કરતું રહે છે. એમાં એ ચૂંટાયેલી સરકારના આદેશ પણ પાળવા તૈયાર નથી. આ વાત બધા જાણે છે. દાઉદ જેવો ભારતનો નંબર વન આતંકવાદી પાકિસ્તાનમાં રહીને એના કાળા કારોબાર ચલાવે છે. એનાં નાણાંથી જેહાદી સંગઠનો આખી દુનિયામાં આતંકની આગ સળગાવતાં ફરે છે છતાં નથી ભારત એનો વાળ વાંકો કરી શકતું કે નથી પાકિસ્તાન એની હાજરીનો સ્વીકાર કરતું. ભારતની જગ્યાએ ઈઝરાયેલ જેવા નાનકડા દેશનો દુશ્મન હોત તો એ કયારનોય ઠેકાણે થઈ ગયો હોત. વિભાજનના સાડા છ દાયકા પછી પણ ભારત હજી ગાંધીજીની અહિંસા અને ભાઈચારાની લાગણીને વળગી રહ્યું છે, જ્યારે પાકિસ્તાને તો એના ઉદયકાળથી જ હિંદુસ્તાનને એના દુશ્મન તરીકે જોયું છે. ભારત સંબંધો સુધારવાની દિશામાં હરહંમેશ પહેલ જ કરતું રહ્યું છે અને પાકિસ્તાન તરફથી દર વખતે એના કર્યાકરાવ્યા પર પાણી ફેરવવાની ચેષ્ટા થતી રહી છે. ભારતના શક્તિશાળી પાડોશી રાષ્ટ્ર ચીનને પાકિસ્તાન નામનું બગલબચ્ચું બહુ અનુકૂળ આવી ગયું છે. સાથી બદલી શકાય છે, પાડોશી નહીં! ભારત માટે પાકિસ્તાન કાયમી શિરદર્દ બની ચૂક્યું છે. કાશ્મીરનો વિવાદ એના માટે જ્યાંને ત્યાં હુકમનો એક્કો બની રહેલ છે. આ વિવાદના ઓઠા હેઠળ એનાં તમામ લોહિયાળ કુકર્મો આંતરરાષ્ટ્રીય ફલક પર નજરઅંદાજ થતાં રહ્યાં છે. સમય પાકી ગયો છે કે ભારતે આ મુદ્દો સદાકાળ લટકતો રાખવાને બદલે એનો મંત્રણા દ્વારા અથવા લશ્કરી ધોરણે નિવેડો લાવી દેવો જોઈએ. પાકિસ્તાનને એની જ ભાષામાં જવાબ આપવાની આપણા સૈન્યને છૂટ હોવી જોઈએ. ન્યૂયોર્કમાં બે રાષ્ટ્રોના વડાપ્રધાનો મંત્રણા કરે ત્યારે આ બાબતે કુલડીમાં ગોળ ભાંગવાની નીતિ અપનાવવાની પરંપરાગત પદ્ધતિને બદલે સીધી સટ્ટ ચોખવટ કરવાની નીતિ અજમાવવાની જરૂર છે. મનમોહનસિંહ જેવા ભલા અર્થશાસ્ત્રી વડાપ્રધાનના નેતૃત્વમાં કદાચ આ બાબત શક્ય નથી. એ માટે લાલ આંખ કરી શકે એવા નેતૃત્વની જરૂર છે. વર્તમાન સંજોગોમાં કોંગ્રેસના યુવા કર્ણધાર રાહુલ ગાંધી પડદા પાછળ રહીને આ કામ કરી શકે. !!!



બહેન, આ વખતે સ્કીમ રાખી છે. ચણિયાચોળી સાથે - એક છત્રી ફ્રી...!!

## ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કાર વિતરણ કાર્યક્રમ યોજાશે

ગુજરાત સાહિત્ય અકાદમી તથા તેને સંલગ્ન અકાદમી દ્વારા સંબંધિત ભાષા સાહિત્યના વિવિધ વિભાગ સ્વરૂપના પુસ્તકોને ગુણવત્તાના ધોરણે પારિતોષિકો અર્પણ કરવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૧ દરમિયાન પ્રગટ થયેલા પુસ્તકો માટે પુરસ્કૃત પુસ્તકોના લેખકોને પારિતોષિક અર્પણ કરવાનો કાર્યક્રમ જે તા. ૩-૧૦-૨૦૧૩ના રોજ યોજાનાર હતો તે હવે તા. ૨૧ ઓક્ટોબર ૨૦૧૩ના રોજ રાત્રે ૮ કલાકે રા.વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા પાછળ, આશ્રમરોડ, અમદાવાદ ખાતે યોજાશે. રાજયના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાના હસ્તે આ પારિતોષિક અર્પણ કરાશે તેમ અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદીએ જણાવ્યું છે.

## બદલી માટે શિક્ષકોએ જે શાળામાં વિકલ્પ આપ્યો હોય તે શાળાની સિનીયોરીટી ગણતરીમાં લેવાશે

રાજયના શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ મુજબ ઉચ્ચ પ્રાથમિક શિક્ષક માટે વિકલ્પ આપીને પોતાની અથવા અન્ય શાળામાં જગ્યા સ્વીકારી લીધી હોય તેવા શિક્ષકોની આંતરિક બદલી કે અરસ પરસની બદલી માટે તેમણે જે શાળામાંથી વિકલ્પ આપ્યો હોય તે શાળાની સિનીયોરીટી જ ગણતરીમાં લેવાની રહેશે. આ પ્રમાણે બદલીનો લાભ લીધા બાદ તે શિક્ષક ફરીથી બદલી કરાવવા ઈચ્છે તો તેમની બદલવાળી નિમણુંકની તારીખ સિનીયોરીટીના હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવશે તેમ જણાવાયું છે.

## વિદ્યાર્થીઓ માટે તૈયાર મધ્યાન ભોજન ખાતા ૧૦ પશુના મોત

અમદાવાદ, તા. ૨૬

મધ્યાહન યોજનાના ભોજનમાં ખામીઓ ફરી એકવાર સામે આવી છે. અમદાવાદ તાલુકાના શાહવાડી ગામમાં ગોડાઉનમાં તૈયાર થતું મધ્યાહન યોજનાનું ભોજન ખાવાથી ૧૯ ભેંસોના મૃત્યુ થતા ચકચાર મચી ગઈ છે. ઢોરના માલિકોએ ડોક્ટરને બતાવતા સમગ્ર ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં બુધવારે ભારે વરસાદના પગલે શાળાઓમાં રજા જાહેર કરતા આ ભોજન ફેંકી દેવામાં આવ્યું હતું જે ખાતા ૧૦ ભેંસોના મૃત્યુ થયા છે. ત્યારે જો આ ભોજન બાળકોને આપ્યું હોત તો અમદાવાદમાં પણ બિહારવાળી થાત તો નવાી નહીં. પ્રાપ્ત થતી માહિતી મુજબ બુધવારે ભારે વરસાદના પગલે અમદાવાદ શહેરની તમામ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. જેના કારણે શાહવાડી ગામમાં તૈયાર કરવામાં આવેલા મધ્યાહન યોજનાના ભોજનને બહાર ફેંકી દેવામાં આવ્યું હતું. આ તૈયાર થતું ભોજન ખાવાથી ૧૦ ભેંસોના મોત નિપજ્યા છે. આ ભોજન હજારો વિદ્યાર્થીઓના મોઢે જવાનું હતું. પરંતુ વરસાદના કારણે આ ભોજન બાળકોની જગ્યાએ ભેંસોએ ખાધું હતું. અને તેમના મોત નિપજ્યા હતા. ત્યારે સવાલ એ થાય છે કે જો આ ભોજન બાળકો સુધી પહોંચ્યુ હોત તો તેમનું શું થાત તે એક પ્રશ્ન છે ? જો કે વરસાદના કારણે અમદાવાદમાં હાલતો બિહારના છાપરા વાળઈ થતા બચી છે. ઉલ્લેખનીય છે કે શાહવાડી ગામમાં આવેલ ગોડાઉમાં તૈયાર થતું ભોજન સરકારી શાળાઓમાં સપ્લાય કરાય છે. આ ભોજન મધ્યાહન યોજના અંતર્ગત તૈયાર કરવામાં આવે છે પરંતુ બુધવારે વરસાદના પગલે શાળાઓમાં રજા હોવાથી આ ભોજન વિચાર્યા વિના ગોડાઉનના પાછલા ભાગની ખુલ્લી જગ્યાએ ફેંકી દેવામાં આવ્યું હતું. આ ખુલ્લી જગ્યામાં ફેંકવામાં આવેલ ભોજન રસ્તામાંથી પસાર થતી ભેંસોએ ખાધું હતું. જેના કારણે ૧૦ ભેંસોના મોત નિપજ્યા હતા.

## કડી સ્કુલમાં પેરેન્ટસ ટીચર્સ ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

કડી કેળવણી મંડળ સંચાલિત એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કુલમાં કોમર્સ વિભાગ દ્વારા પેરેન્ટ ટીચર્સ ઓરિએન્ટેશન કાર્યક્રમ બ્રહ્માણી હોલમાં યોજાયો હતો.

ટીચર્સ ઓરીએન્ટેશન કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના વાલીઓને શાળાની શૈક્ષણિક બાબતોથી વાકેફ કરવાનો અને વાલીઓમાં સકારાત્મક અભિગમ કેળવાય તેવો હતો. આ દરમિયાન શાળામાં થતી વિવિધ અભ્યાસની પ્રવૃત્તિઓની પ્રતિતિ શ્રીમતી સુપ્રણા મુખર્જી, રાજ પુરોહીત, ટીના પટેલ અને સ્નેહા પટેલે કરાવી હતી તેમજ આચાર્ય દ્વારા વિવિધ ટેકનીકલ મુદ્દાઓને આવરી લઈને ચર્ચા કરી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન શિલ્પા ઠકકર દ્વારા કરવામાં આવ્યું હતું.

## અમદાવાદમાં ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનનું આયોજન


અમદાવાદ, તા. ૨૬

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેરના સંયુક્ત ઉપક્રમે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૭, ૨૮ સપ્ટેમ્બરના રોજ એલિસબ્રીજ શાળા નં. ૨, ગીતાબાગ સોસાયટી, પાલડી પાસે યોજાશે.

આ પ્રદર્શન ઉદઘાટન અમદાવાદના મેયર મિનાક્ષીબેન પટેલ અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહીને કરશે. આવતીકાલે સવારે ૧૦-૩૦ કલાકે યોજાનારા ઉદઘાટન સમારંભમાં મ્યુનિ. કોર્પોરેશનના પદાધિકારીઓ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનો સમારંભ ૨૮ સપ્ટેમ્બરના રોજ બપોરે ૩-૦૦ કલાકે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન જગદીશ ભાવસારના અધ્યક્ષ સ્થાને યોજાશે. આ સમારંભમાં શિક્ષણ સમિતિના વાઈસ ચેરમેન હર્ષદ પટેલ તેમજ જીસીઈઆરટી ગાંધીનગરના રીડર બી.એન. રાજગોર મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. ગણિત-વિજ્ઞાન પ્રદર્શનના ઉદઘાટન પ્રસંગે અને સમાપનમાં શિક્ષણ સમિતિના સદસ્યો અને પાલડીનાં કોર્પોરેટરો અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ-પ્રદર્શન ૨૦૧૩માં જુદા જુદા પાંચ વિભાગો કૃષિ, ઉર્જા, સ્વાસ્થ્ય, પર્યાવરણ અને સંશોધનો થિમ પર બાળવૈજ્ઞાનિકો પોતાની કૃતિ રજુ કરશે. જેમની પસંદગી વોર્ડકક્ષાના પ્રદર્શનમાં કરાઈ છે તે શહેર કક્ષાના પ્રદર્શનમાં રજુ કરાશે તેમ શાસનાધિકારી એલ.ડી. દેસાઈએ જણાવ્યું છે.

## વલ્લભભાઈના વડેરા



દેશની આઝાદી પ્રાપ્ત કરવા માટે જે કેટલાક મહાનુભાવોએ પ્રબળ નેતૃત્વ પૂરું પાડ્યું તેમાં કરમસદના બે ભાઈઓ- વીર વિઠ્ઠલભાઈ અને સરદાર વલ્લભભાઈના નામો અગ્રસ્થાને છે. બંને સગાભાઈઓ અને તે કાળખંડમાં બંનેનો રાજકીય-સામાજિક ક્ષેત્રે અમૂલ્ય ફાળો એ એક વીરલ ઘટના છે. ૨૭મી સપ્ટેમ્બરના રોજ વીર વિઠ્ઠલભાઈના જન્મ દિવસે આપણી વિધાનસભામાં પણ તેમની સ્મૃતિને તાજી કરીને પુષ્પાંજલિ કરવામાં આવે છે. કદાચ સરદાર વલ્લભભાઈને જેટલી પ્રસિદ્ધિ મળી તેટલી પ્રસિદ્ધિ વિઠ્ઠલભાઈને નહીં મળી હોય. પરંતુ દેશને ગૌરવ અપાવે તેવા કાર્યોમાં સરદાર પટેલ જેટલો જ કિંમતી ફાળો વિઠ્ઠલભાઈનો હતો. બ્રિટીશ શાસનકાળમાં ભારતીય સંસદના પ્રમુખ (સ્પીકર) તરીકે ચૂંટાઈને આવવાનું અનોખું માન વીર વિઠ્ઠલભાઈને મળેલું છે. કેટલાક ક્રાંતિકારીઓની જેમ દેશની ગુલામી તથા અંગ્રેજોની નાઈન્સાફીની વાત સમગ્ર જગત સમક્ષ રજૂ કરવાની અતિ પરિશ્રમયુક્ત કામગીરી કરતા કરતાં જ તેઓ માત્ર ૬૦ વર્ષની વયે શહીદીને વર્યા. કરમસદમાં ઊભું કરવામાં આવેલું સ્મારક બંને ભાઈઓની સ્મૃતિને જીવંત રાખવાના કાર્યમાં ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. શ્રી એમ.એમ. પટેલ, શ્રી ઈશ્વરભાઈ પટેલ તથા ગોરધનભાઈ પટેલ વગેરે મહાનુભાવોએ કાળજીપૂર્વક વિઠ્ઠલભાઈના જીવન તથા તેમના કાર્યો બાબતે લખ્યું છે. તેથી તેમના ઓજસ્વી જીવન વિશે ખૂબ જ રસપ્રદ તથા પ્રેરણાદાયક માહિતી મળે છે.

વિઠ્ઠલભાઈનો જન્મ તેમના મોસાળ નડિયાદ ખાતે ૧૮૭૩ની ૨૭મી સપ્ટેમ્બરે થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ કરમસદમાં લીધું. કરમસદમાં માધ્યમિક શાળા નહીં હોવાથી હાઈસ્કુલનો અભ્યાસ નડિયાદ જઈને કર્યો. તે વખતે મેટ્રિક પછી એડવોકેટની પરીક્ષા પસાર કરીને વકીલ થઈ શકાતું હતું. તેથી તેમણે તે રસ્તો પસંદ કર્યો. વલ્લભભાઈ પણ આ બાબતમાં તેમને જ અનુસર્યા. એ ખૂબ જાણીતો અને રસપ્રદ પ્રસંગ છે કે ઈંગ્લેન્ડ જઈ બેરિસ્ટર થવા માટેના પ્રયત્ન તથા પત્ર વ્યવહાર જે વલ્લભભાઈ કરતા હતા. અને બંનેના નામ વી.જે. પટેલ હોવાથી તેનો જ આધાર લઈ વિઠ્ઠલભાઈ વિલાયત ગયા તેમના નાનાભાઈ વલ્લભભાઈએ આ બાબતે સંમતિ આપીને મોટાભાઈની તમામ જવાબદારી સ્વેચ્છાએ ઉપાડી. સખત પરિશ્રમ કરવાનો સ્વભાવ હોવાથી પ્રથમ વર્ગ સાથે તેમણે પદવી પ્રાપ્ત કરી અને ૧૯૦૮માં સ્વેદશ પરત આવ્યા. મુંબઈમાં જ સ્થાયી થઈને વકીલાત શરૂ કરીને અને થોડા સમયમાં જ આ વ્યવસાયમાં તેમનું નામ જાણીતું થઈ ગયું.

### પ્રસંગસર

- વી.એસ. ગઢવી

વિઠ્ઠલભાઈ પટેલનો ઉલ્લેખ આધુનિક ભારતના ઘડવૈયાઓ પૈકી એક પ્રમુખ શિલ્પી તરીકે કરવો ઉચિત ગણાય. જે સમયમાં તેઓ જીવતા તેનાથી ખૂબ આગળના સમયનું તેઓ વિચારી શકતા. એ સ્વપ્રદષ્ટા હતા પરંતુ તેમના મૂળ ધરતીની વાસ્તવિકતા સાથે જડાયેલા હતા. તેમની ઘણી બાબતો, મંતવ્યો, નિર્ણયો વગેરે તે કાળના લોકોના ગળે તરત જ ઉતરવા મુશ્કેલ થયા હોય એવું બને. પરંતુ આજે તેઓની દીર્ઘદષ્ટિ માટે અહોભાવ ઉપજે તેવું છે. ૧૯૧૦માં તેમના પિતાનું અવસાન થયું ત્યારે જ્ઞાતિ ભોજન યોજવાની પ્રથાને તેમણે વિરોધ કરલો. આજથી એક સદી પહેલા આવા સામાજિક પ્રશ્ને પોતાનું વલણ સ્પષ્ટ રીતે જાહેર કરીને તેમણે કેટલાક વિરોધી અને ટીકાના વચનો સાંભળ્યા હશે તે કલ્પનાનો વિષય છે. ગાંધીજીનું ભારતમાં આગમન થયું તે પહેલાં તેઓએ અસ્પૃશ્યતા નિવારણ માટે કાર્ય શરૂ કર્યું હતું. વિઠ્ઠલભાઈ ખરા અર્થમાં એકલો જાન રે..ની વિચારધારા પચાવનારા- આચરનારા વીર પુરુષ હતા. પોતાની વિવેકબુદ્ધિ અનુસાર વર્તન કરનાર તેજસ્વી તારક હતા. ધારાસભામાં પણ મહિલાઓની સાંપ્રત સ્થિતિ તથા તેમના તરફનો સમાજનો અન્યાય વ્યવહાર એ બાબત તરફ તેઓ વખતો વખત ધારદાર હકીકતો પ્રસ્તુત કરતા. તેઓ પ્રાથમિક શિક્ષણ તેમજ મહિલાઓની સ્થિતિમાં સુધારો કરવાની બાબત તેમની પ્રાથમિકતા હતી.

**વિઠ્ઠલભાઈ પટેલનો ઉલ્લેખ આધુનિક ભારતના ઘડવૈયાઓ પૈકી એક પ્રમુખ શિલ્પી તરીકે કરવો ઉચિત ગણાય, જે સમયમાં તેઓ જીવતા તેનાથી ખૂબ આગળના સમયનું તેઓ વિચારી શકતા, એ સ્વપ્રદષ્ટા હતા પરંતુ તેમના મૂળ ધરતીની વાસ્તવિકતા સાથે જડાયેલા હતા**

ભારતની સંસદ- ધારાસભાઓની કાર્યવાહી હેતુપૂર્ણ, શિસ્તબદ્ધ તથા સરળ બને તેવી પ્રણાલિકાઓ ઊભી કરવાનું અને તેને મક્કમતાની સ્થાપિત કરવાનું કામ પણ વિઠ્ઠલભાઈનું એક મૂલ્યવાન પ્રદાન છે. હિંદની સંસદના પ્રમુખ તરીકે એ હોદ્દાની ગરીમા જળવાયા તેની તેઓ સંપૂર્ણ કાળજી રાખતા હતા. સંસદ ભવનની હદમાં કાયદો તથા વ્યવસ્થાની જાળવણી બાબતમાં પ્રમુખ તરીકે બહારની કોઈ દખલગીરી થઈ શકે નહી જ એવા આગ્રહમાં એક ધારાકીય સંસ્થાની પ્રતિભા ઊંચી રાખવાનો તેમનો હેતુ સ્પષ્ટ જોઈ શકાય છે. સંસદના સ્વતંત્ર સચિવાલયની સ્થાપના પણ તેમના જ આગ્રહને કારણે થઈ. રક્ષકદળ પણ સંસદના પ્રમુખને જ જવાબદાર- ઉત્તરદેહી રહે તે અંગે તેઓ સ્પષ્ટ હતા. આમાની કેટલી બધી પ્રથાઓ આજે પણ અમલમાં છે. એક અસરકારક સ્વંતત્ર ધારાકીય સંસ્થાઓ ઊભી કરવામાં વિઠ્ઠલભાઈનું નામ સદા કોતરાયેલું રહેશે.

વિઠ્ઠલભાઈ એક સુપ્રસિદ્ધ અને સફળ વકીલ તરીકે સ્થાપિત થયા બાદ લાંબા સમય સુધી એજ વ્યવસાયમાં રહીને આગળ વધી શક્યા હોત. પુષ્કળ નાણાંકીય લાભો અને તેના પરિણામે સુખ-સુવિધાઓ મેળવી શક્યા હોત. પરંતુ દેશની પરાધિન સ્થિતિએ તેમને નિરાંતનો શ્વાસ લેવા ન દીધો. લગભગ ચાર વર્ષના ટૂંકા ગાળામાં તેમણે વ્યવસાય છોડીને લોકસેવાના કાર્યમાં જંપલાવવાનું નક્કી કર્યું. ફરી આ તબક્કે પણ નાનાભાઈ વલ્લભભાઈનો સધિયારો અને પ્રોત્સાહન મળ્યા. જેથી વિઠ્ઠલભાઈ પોતાના નિર્ણયમાં મક્કમ રહીને જાહેર જીવનમાં આવ્યા. બંને ભાઈઓ વચ્ચે પરસ્પરના આદર અને સ્નેહભાવનો આ પુરાવો હતો. ૧૯૧૨માં તેઓએ મુંબઈની ધારાસભામાં ચૂંટાયેલા સભ્ય તરીકે પ્રવેશ મેળવ્યો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## શાસ્ત્રીય સંગીતને સંપૂર્ણ સમર્પિત એવા જયંતભાઈ પ્રેમાળ, સાલસ અને નિખાલસ વ્યક્તિત્વ ધરાવે છે

### કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

નિયમ, સ્વર, તાલ, લય, રાગ અને શાસ્ત્રોક્ત રીતે ગવાતું સંગીત એટલે શાસ્ત્રીય સંગીત. આપણા સાંસ્કૃતિક વારસાની ધરોહર સમા ભારતીય શાસ્ત્રીય સંગીતના મૂળ સામવેદમાં મળે છે. અને તેથી જયારે આ વેદ લખાયો હશો ત્યારથી સંગીત વિદ્યાના પ્રદાનની પદ્ધતિ એટલે ગુરૂ-શિષ્યનો સંબંધ (પરંપરા) જોવામાં આવે છે. દરેક શાસ્ત્રીય ગાયક તથા વાદક ગુરૂથી અને ઘરાના પરથી ઓળખાય છે. છેલ્લા વર્ષોમાં શાસ્ત્રીય સંગીત પ્રત્યે ઉદાસીનાત સેવાઈ રહી હોય તેમ જણાય છે. શાસ્ત્રીય સંગીતનું ગાયન કે વાદન અઘરૂં છે. તેમ માનીને યુવા પેઢીમાં શાસ્ત્રીય સંગીતની તાલીમ પ્રત્યે નિરાશા જોવા મળે છે. એવા સમયમાં શાસ્ત્રીય સંગીત વડે જીવ અને શિવ વચ્ચે તાદાત્મયથી જોડાઈને દિવ્ય અનુભૂતિનો આવિષ્કાર પામનાર અને શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે મહત્ત્વની ભૂમિકા ભજનનાર ગાંધીનગરના વરિષ્ઠ કલાકાર જયંતભાઈ સ્વાદિયાની આજે વાત કરી છે.

તા. ૨૪-૩-૧૯૩૦ માં રાજકોટ (વતન) માં જન્મેલા જયંતભાઈને બાળપણથી જ સંગીતનો શોખ. અને તેમનું સમગ્ર કુટુંબ પણ સંગીતપ્રેમી. જયંતભાઈએ પ્રાથમિક શિક્ષણ તાલુકા શાળા અને માધ્યમિક શિક્ષણ ચૌધરી હાઈસ્કૂલ, રાજકોટથી મેળવ્યું. શાળામાંથી સંગીતના કાર્યક્રમો, પ્રાર્થના વિ. ગાવામાં જયંતભાઈ અને સાથીઓ કાર્યક્રમ રજૂ કરે. રાજકોટમાં થતી જાહેર સભાએ કે અન્ય જાહેર કાર્યક્રમોમાં જયંતભાઈનાં ગ્રુપને જ પ્રાર્થના ગાવા આમંત્રણ મળે. પંડિત જવાહર લાલ નહેરૂ, ઈન્દિરાજી વિ. ને નજદીકથી પ્રાર્થના સંભળાવવાનો લ્હોવા આ ગ્રુપે લીધો છે.

૧૯૪૭ માં રાજકોટમાં જાણીતા સંગીતજ્ઞ અમુભાઈ દોશીએ સંગીતના વર્ગો ખોલ્યા અને સંગીત પ્રેમી જયંતભાઈએ અમુભાઈને ગુરૂ પડે ધારણ કરીને શાસ્ત્રીય સંગીતની ઉપાસના કરવાનું શરૂ કર્યું. આ વર્ગમાં જાણીતા તાર-શરણાઈ વાદક અને કિરાના ઘરાનાના ઉસ્તાદ વિનાયક વોરા પણ શિક્ષક તરીકે જોડાયા હતા. બંને ઉચ્ચ કક્ષામાં સંગીતકારો પાસેથી તાલીમ મેળવીને ૧૯૫૧માં ગાંધર્વ મહાવિદ્યાલયમાંથી જયંતભાઈએ 'વિશારદ' કર્યું. મુંબઈથી આવતા પરીક્ષકો પાસેથી પણ તેઓ સંગીતનું માર્ગદર્શન મેળવતાં.

ગુરૂ અમુભાઈ દ્વારા સ્થાપિત રાજકોટ સંગીત મંડળમાં જયંતભાઈએ વર્ષો સુધી સેક્રેટરી તરીકે સેવાઓ આપી. તે સમયે અનેક સંગીતકારોના કાર્યક્રમો રાજકોટ સંગીત મંડળમાં યોજાતા. જેથી જયંતભાઈને સંગીત સાંભળવાનો, માણવાનો અને જાણવાનો ખૂબ લ્હાવો મળ્યો. કાર્યક્રમ પછી જયંતભાઈ અને તેમનાં સંગીતપ્રેમી કુટુંબીજનોના ઘરે કલાકારો આવે જ અને જયંતભાઈ શાસ્ત્રીય સંગીતના મહારથીઓ સાથે સંગીત ગોષ્ઠી કરી પોતાની જ્ઞાન પિપાસા સંતૃપ્ત કરે. આ મહાન કલાકારો - ઉસ્તાદ અલ્લાઉદ્દીન ખાન, પં. કિશન મહારાજ, ઉસ્તાદ અલ્લારખાં, પંડિત રવિશંકર, ગિરજાદેવી, સિદ્ધેશ્વરી દેવી, લત્તાફત હુસેન ખાન, નિખીલ બેનરજી, ઉસ્તાદ રઈસખાન, અબ્દુલ હલીમ જાફરખાન, ગંગુભાઈ હંસલ, હીરાબાઈ બરોડેકર, ઉસ્તાદ બિલ્મીલ્લાખાન, ડાગર બંધુઓ, પંડિત પન્નાલાલ ઘોષ, ઉસ્તાદ અમીર ખાન સાહેબ, અલી અકબર ખાન, બળવંતરાય ભટ્ટ, યશવંતરાય પુરોહિત, શિવકુમાર વિ. શાસ્ત્રીય સંગીત વાદન/ગાયનનાં કિંમતી આભૂષણો જેવી દિગ્ગજ હસ્તીઓ સાથે જયંતભાઈને અંગત પરિચય હતો. આ કલાકારોને સાંભળીને જયંતભાઈ શાસ્ત્રીય સંગીત તરફ લગાવ સામ્રાજ્ઞી લત્તા મંગેશકરનો કાર્યક્રમ યોજેલ. જયંતભાઈ સાથેનાં અંગત પરિચયના કારણે લતાજીને સહર્ષ આમંત્રણ સ્વીકારી લીધું હતું.

૧૯૪૫માં શરૂ થયેલ સ્વામી હરિદાસ સંગીત સંમેલનમાં દર વર્ષે શાસ્ત્રીય સંગીતના વિખ્યાત કલાકારો પોતાની પ્રસ્તુતિ કરે. કાવસજી જહાંગીર હોલ, મુંબઈમાં યોજાતા આસંમેલન માણવા જહાંગીર હોલ, મુંબઈમાં યોજાતા અને સંમેલન માણવા રાજકોટથી જયંતભાઈ અચૂક જતાં જ! સ્ટેજ વોલિન્ટીયર તરીકે પોતાનું નામ જયંતિભાઈ નોંધાવી દેતા જેથી નજીકથી સાંભળવાનો, ગ્રીન રૂપમાં મળીને પરિચય કરવાનો લાભ મળી રહે. આમ શાસ્ત્રીય સંગીતનો પ્રેમ, સાધના વધતાં ચાલ્યા. સતત ૧૫ થી વધુ વર્ષો સુધી જયંતબાઈએ હરિદાસ સંગીત સંમેલનમાં દિગ્ગજ કલાકારોને સાંભળીને તાલીમ મેળવી છે.

૧૯૫૧માં વિશારદની પદવી મેળવીને ૧૯૫૨ થી રાજકોટમાં જયંતભાઈએ તાલીમ આપવાની પણ શરૂ કરી. ૧૯૫૧માં સૌરાષ્ટ્ર સરકારનાં નાણાં વિભાગમાં જયંતભાઈને નોકરી મળી. નોકરી સાથે સંગીતની પ્રવૃત્તિ તો ચાલું જ રહી. સંગીત નાટક અકાદમીની સ્થાપના થતાં જ જયંતભાઈ રાજકોટ ખાતે તેમાં પણ વિદ્યાર્થી તરીકે જોડાયા. અને તેમાં યોજાયેલ અનેક કાર્યક્રમોમાં પણ ભાગ લીધો. રાષ્ટ્રીય શાળામાં પણ વિજયાબેને તથા પુરૂષોત્તમભાઈ ગાંધી પાસે જયંતબાઈએ સંગીતની તાલીમ મેળવી. આ બધી તાલીમના પરીપાકરૂપે જયંતભાઈ મુખ્ય ગાયનના ઉસ્તાદ બન્યા જયારે વાદનમાં પણ તેઓ સિતાર, હાર્મોનિયમ, તબલાં અને ફ્લુય જેવા વાદ્યો બખુબી વગાડી જાણે છે.

કૉલેજ અભ્યાસમાં ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાંથી એમ.એ. (સોશીયોલોજી) ની પદવી મેળવી. ઓલ ઈન્ડિયા રેડિયો, રાજકોટ પર દર શનિવારે યોજાતા કાર્યક્રમમમાં પણ જયંતભાઈ ભાગ લેતા. પં. ઓમકાર નાથ ઠાકુર, માસ્ટર વસંત અમૃત, પં. રસિકલાલ અંધારિતા વિ. સામે પણ પોતાની ગાયકી રજૂ કરીને જયંતભાઈ પ્રશંસાનાં પુષ્પોથી છલકાઈ જતા.

જયંતભાઈના મોટાભાઈ મુંબઈ ખાતે રહેતા હતા. તેમના ઘરે જવા-આવવાનું થતાં મુંબઈ ખાતે પણ જયંતભાઈને અનેક કલાકારો સાથે ઘરોબો થઈ ગયો. પ્રખ્યાત સંગીતકાર નૌશાદજીના બાંદ્રાના નિવાસસ્થાને જયંતભાઈ પહોંચી જતા અને તેમનાં અનુભવમાંથી પોતાનું ભાથું સજાવતાં. વિષ્ણુ દિગંબર પલુસકર અને ભાતખંડે પદ્ધતિથી પોતાની સ્વર સાધના કરતા જયંતભાઈ એ ૧૯૬૦ માં ભાવનગર ખાતે યોજાયેલ પં. રવિશંકરજી અને અલી અકબર ખાનની જુગલબંધીના કાર્યક્રમમમાં પંડિતજીને સંગત કરવાનું જયંતભાઈને સૌભાગ્ય સાંપડ્યું હતું. રામકૃષ્ણ મિશન આશ્રમના ઉદ્દઘાટન પ્રસંગે રાજકોટ પધારેલા પન્નાલાલ ઘોષ સાથે ચાર દિવસ રહેવાનો અવસર મળ્યો અને તંબુર પર તેમની સાથે સંગત કરવાનો લાભ પણ મળ્યો!

જયંતભાઈ ૧૯૭૦ માં જન્મભૂમિ રાજકોટથી ગાંધીનગર આવી વસ્યા અને અહિં પણ વિદ્યાર્થીઓને તાલીમ આપવાનું શરૂ કર્યું. યુવાન કલાકારોને શાસ્ત્રીય સંગીતમાં તાલીમ, પ્રોત્સાહન, પ્રેરણા અને માર્ગદર્શન મળી રહે, માત્ર ને માત્ર તે માટે જયંતભાઈએ તાલીમ વર્ગો શરૂ કર્યા. ગાંધીનગરમાં રાજેન્દ્રભાઈ ભટ્ટ સાથે પરિચય થતાં 'શિવરંજની' સંસ્થા આયોજિત અનેક કાર્યક્રમોમાં જયંતભાઈ પોતાની કલા પ્રસ્તુત કરતા. જાણીતા શાસ્ત્રીય સંગીતના ઉપાસક પં. બળવંત ભટ્ટ 'ભાવરંગ'ના યોજાયેલ કાર્યક્રમમમમાં હાર્મોનિયમ પર જયંતભાઈએ સંગત કરી હતી. બોરા બ્રધર્સ, જીતેન્દ્ર વ્યાસ, માલીની પંડિત વિ. સાથે કાર્યક્રમમાં જયંતભાઈ ભાગ લેતા. જો કે જાહેર મંચ પર કાર્યક્રમ રજૂ કરવામાં જયંતભાઈને એટલો રસ ન્હોતો જેટલો શાસ્ત્રીય સંગીતની સાધના અને તાલીમમાં!



શાસ્ત્રીય સંગીતના સાધક અને ઉપાસક 'જયંતભાઇ સ્વાદિયા'

વિદ્યાર્થીઓને તાલીમ આપીને પ્રથમ ત્રણ વર્ષ સુધીની પરીક્ષાઓ પણ ગાંધર્વ વિદ્યાલય, અમદાવાદ ખાતે અપાવી. ગાંધીનગરના શાસ્ત્રીય સંગીતાચાર્ય સુરેન્દ્રભાઈ બક્ષી (બક્ષી દાદા) સાથેનાં પરિચય બાદ ગાંધીનગરમાં બંને દિગ્ગજોએ શાસ્ત્રીય સંગીત પ્રત્યે લોકો વધુ આકર્ષાય તેવા પ્રયત્નો હાથ ધર્યા. તૈયાર થયેલા વિદ્યાર્થીઓને ધીમે ધીમે અરવિંદ કેન્દ્રમાં લેવાતી પરીક્ષામાં જયંતભાઈ મોકલતા, ત્યાં ગાંધીનગરના કલાગુરૂ પિનાકીનભાઈ વ્યાસ સાથે પણ પરિચય કેળવાયો. જયંતભાઈના ઘરે દર મહિને બેઠક યોજાય. જેમાં સુરેન્દ્રભાઈ, પિનાકીનભાઈ, વાગ્મિનભાઈ બૂચ, જનુભાઈ માંકડ વિ. ભેગા મળીને રાગ-તાલ વિ.ની ચર્ચા કરી સમજણ મેળવે.

૧૯૫૨ થી શરૂ કરીને (રાજકોટ) ૨૦૦૬ સુધીમાં જયંતભાઈ પાસે ૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ સંગીતની તાલીમ મેળવી છે. તાલીમ લીધેલા શિષ્યોની લાંબી યાદી છે. તેમાંના હંસાબેન અને શરદભાઈ (ઘનશ્યામભાઈ ઓઝાનાં સંતાનો), સ્વ.દક્ષાબેન દેસાઈ, ભાર્ગવીબેન વોરા, બંસરી યોગેન્દ્ર, મુક્તિ વૈષ્ણવ, પ્રકૃતિ ઝાલા, ભાષા માંકડ, ધ્વનિ વસાવડા, બિરવા, નેહા, મૌલિકા, પરા, મેઘા, ઉર્ઝા વિ.વિ. છે. અનેક અધિકારીઓએ પણ તાલીમ મેળવી છે.

શાસ્ત્રીય સંગીતની ઉપાસના સાથે શાસ્ત્રીય રાગ આધારિત ગરબા ગાવાનો અને ગવરાવવાનો જયંતભાઈને જબરો શોખ. માય મંદિર, રાજકોટના ગરબામાં જયંતભાઈના રાગે મઢ્યા ગરબાઓ આજે પણ ગવાય છે. જયંતભાઈના ખજાનામાં ૨૦૦૦ જેટલા ગરબાઓ ભર્યા છે જે શાસ્ત્રીય રાગો પર આધારિત છે. દરેક મંત્રો, ધૂનો વિ. ને પણ વિવિધ રાગમાં ઢાળીને જયંતભાઈ ગાય અને ગવડાવે છે.

'અંબેની જય જય' ધૂન હંસધ્વનિથી માંડીને ૭૦ જેટલા રાગોમાં તેમને બેસાડી છે. શુદ્ધ રાગના ચાહક એવા જયંતભાઈએ તૈયાર કરાવેલ ગરબો ''મંગલ વરસે... મંગલ વરસે... આજ માને મંદિરીયે...'' રાજયકક્ષાની સ્પર્ધઆમાં મેદાન માદી ગયો હતો. ગાંધીનગરમાં યોજાતી શેરી ગરબા સ્પર્ધા, બેઠા ગરબા સ્પર્ધામાં જયંતભાઈએ શાસ્ત્રીય રાગ આધારિત અનેક ગરબાઓ તૈયાર કરાવીને રજૂ કરાવ્યા છે. ૨૦૦૬ પછી તેમણે તાલીમ આપવાનું બંધ કર્યું છે. ૨૦૦૬ પછી તેમણે તાલીમ આપવાનું બંદ કર્યું છે. પરંતુ ગરબા તો આજે પણ સોસાયટીની નવરાત્રીમાં આઠમની રાત્રે જયંતભાઈએ ગવડાવવાનાં જ! જયંતભાયઈ એ ગરબા અને શાસ્ત્રીય સંગીત સ્પર્ધાઓમાં રાજય કક્ષા સુધી નિર્ણાયક તરીકે વર્ષો સુધી સેવાઓ આપી છે. રાસભાઈ - વિભાબેન વિ. સાથે પણ નિર્ણાયક તરીકે જયંતભાઈએ સેવા આપી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)